બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શૈક્ષણિક અને બીનશૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૩-૧૭૪-ગ
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૨૧/૦૩/૨૦૧૭**

**વંચાણમાં લીધા:**

(૧) નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: PSN-102014-M1(334385)-P.
(૨) શિક્ષણ વિભાગનો તા.૫-૦૨-૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦૦૨/૧૦૯૨/ગ.
(૩) નાણા વિભાગનો તા.૮-૨-૯૮નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૯૮/૧૭/મ.
(૪) શિક્ષણ વિભાગનો તા.૮-૩-૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૮/૨૩૦૯/પાર્ટ-૨/ગ.
(૫) શિક્ષણ વિભાગનો તા.૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ.
(૬) નાણા વિભાગનો તા.૧૬-૦૨-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧.
(૭) સામાન્ય વહીવટ વિભાગનો તા.૪-૦૬-૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩૭૧૭-ગ.૫.
(૮) શિક્ષણ વિભાગનો તા.૧૦-૧૨-૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**આમુખ:**

ઉપર સંદર્ભ (૨)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૫-૦૨-૨૦૦૫ના ઠરાવથી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા શિક્ષણ સહાયક, મહિલા વહીવટી સહાયક અને મહિલા સાથી સહાયકોને પ્રસૂતિ રજા મંજૂર કરવામાં આવેલ છે. ત્યાર બાદ સંદર્ભ (૧) માં જણાવેલ નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ ૬૯(૧) માં સુધારો કરી માતૃત્વ રજાઓ ૧૩૫ ને બદલે ૧૮૦ રજાઓ કરવામાં આવી. તેના અનુસંધાને ઉપર સંદર્ભ (૮) સામેના આ વિભાગના તા. ૧૦/૧૨/૨૦૧૫ના ઠરાવથી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પધ્ધતિ દ્વારા ફીક્સ પગારથી નિમણૂક પામેલ મહિલા કર્મચારીઓને સંદર્ભ (૧) સામેના નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામા મુજબ ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવામાં આવેલ છે.

સંદર્ભ (૮) સામેના આ વિભાગના તા. ૧૦/૧૨/૨૦૧૫ના ઠરાવમાં રાજ્યના બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શૈક્ષણિક અને બીનશૈક્ષણિક નિયમિત મહિલા કર્મચારીઓનો સમાવેશ થયેલ ન હોવાથી આ બાબતે વિવિધ સ્તરેથી રજૂઆતો મળી હોઇ, આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ (૮) સામેના આ વિભાગના તા. ૧૦/૧૨/૨૦૧૫ના ઠરાવ આથી રદ કરવામાં આવે છે અને હવેથી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પધ્ધતિ દ્વારા ફીક્સ પગારથી નિમણૂક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિનશૈક્ષણિક મહિલા કર્મચારીઓને સંદર્ભ (૧) સામેના નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામા અન્વયે નીચે મુજબની શરતોએ પ્રસૂતિ રજા ૧૮૦ દિવસ આપવાનું ઠરાવવામાં આવે છે.

(પાછળ જૂઓ)

**શરતો :-**

(૧) ૧૮૦ દિવસની માતૃત્વ રજાનો લાભ નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામા મુજબની તારીખથી એટલે કે તા.૧-૧૦-૨૦૧૪થી ગણવાનો રહેશે.

(૨) તા.૧-૧૦-૨૦૧૪ના રોજ જે મહિલાઓ માતૃત્વ રજા પર હોય તેમને પણ આ લાભ મળવાપાત્ર થશે.

(૩) ૧૮૦ દિવસની પ્રસૂતિ રજા ગણતાં જે મહિલા કર્મચારીએ શિક્ષણ વિભાગના તા.૫-૦૨-૨૦૦૫ના ઠરાવ મુજબ ૧૩૫ દિવસની પ્રસૂતિ રજાનો લાભ મેળવી લીધેલ હોય તેઓને ૧૮૦ દિવસમાં ખૂટતા દિવસોની રજા જ પ્રસૂતિ રજા તરીકે મંજૂર કરવાની રહેશે; એટલે કે *પ્રસૂતિ રજાની મહત્તમ મર્યાદા ૧૮૦ દિવસથી વધે નહિ તે માટે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ કાળજી રાખવાની રહેશે.*

નાણા વિભાગની સૂચના અનુસાર સંદર્ભ (૮) હેઠળના આ વિભાગના તા.૧૦-૧૨-૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવ તથા આ ઠરાવ અન્વયે રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પધ્ધતિ દ્વારા ફીક્સ પગારથી નિમણૂક પામેલ મહિલા કર્મચારીઓમહિલા કર્મચારીઓને લાગુ પડતાં અધિનિયમ/વિનિયમોમાં જરૂરી સુધારા વિભાગની છ – શાખાએ સત્વરે કરવાના રહેશે.

આ ઠરાવ સમાન ક્રમાંકી ફાઈલ પર નાણા વિભાગની તા.૧૭-૦૩-૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કિલ્લોલ પંડ્યા)**
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. & મા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ. & મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- શિક્ષણ વિભાગ 'ગ.૧' તથા 'છ' શાખા.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ (વેબસાઈટ પર મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.